# મનપા વિસ્તારમાં આવેલા ૩૯ જર્જરિત હાલતમાં

**ગંભીરા** બ્રિજ દુર્ઘટના બાદ હવે કોર્પોરેશન વિસ્તારમાં આવેલા બ્રિજની ચકાસણી-સમારકામની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરાઈ

**અમદાવાદના** 3, જામનગરના 2, જૂનાગઢ 3, રાજકોટ 1, સુરત 26, વડોદરા 2 બ્રિજ જર્જરીત સ્થિતિમાં

ગાંધીનગરઃ વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના મુજપૂર પાસે મહી નદી ઉપર ગંભીરા બ્રિજ તૂટી પડવાની દુર્ઘટનામાં 20 લોકોના મોતની દુર્ઘટનામાં સીએમ ભૂપેન્દ્ર પટેલ દ્વારા માર્ગ મકાન વિભાગના ચાર અધિકારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે ત્યારે હવે શહેરી વિકાસ વિભાગ દ્વારા આ ક્ષતિગ્રસ્ત રસ્તાઓ અને બ્રિજની ચકાસણી કરીને, તેમના સમારકામની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરાઈ રહી છે. રાજ્યમાં કોર્પોરેશન વિસ્તારોમાં કુલ ૩૬૪ બ્રિજ આવેલા છે. જે પૈકી ૨૩૧ બ્રિજ ખૂબ સારી સ્થિતિમાં, ૮૯ બ્રિજ સારી સ્થિતિમાં તેમજ ૩૯ બ્રિજ જર્જરિત સ્થિતિમાં છે. વધુમાં, આ જર્જરિત બ્રિજનું સમારકામ પ્રગતિમાં છે.શહેરી વિસ્તારમાં બ્રિજની ચકાસણી માટે સીએમ ભૂપેન્દ્ર પટેલ દ્વારા તપાસના આદેશ અપાયા હતા.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારનાં કુલ ૭૯ બ્રિજમાંથી ૬૧ બ્રિજ ખૂબ સારી સ્થિતિમાં, ૧૦ બ્રિજ સારી સ્થિતિમાં અને ૩ બ્રિજ જર્જરિત સ્થિતિમાં છે. તેવી જ રીતે ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારનાં કુલ ૨૦ બ્રિજ પૈકી ૧૦ બ્રિજ ખૂબ સારી સ્થિતિમાં અને ૧૦ બ્રિજ સારી સ્થિતિમાં, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના કુલ ૩ બ્રિજમાંથી ૨ ખૂબ સારી સ્થિતિમાં, ૧ સારી સ્થિતિમાં, જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના કુલ ૨૭ બ્રિજમાંથી ૨૦ ખૂબ સારી સ્થિતિમાં, ૫ સારી સ્થિતિમાં અને ૨ જર્જરિત સ્થિતિમાં છે.

આ ઉપરાંત જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનના કુલ ૨૧ બ્રિજમાંથી ૧૮ ખૂબ સારી સ્થિતિમાં અને ૩ જર્જરિત સ્થિતિમાં છે. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારનાં કુલ ૨૦ બ્રિજમાંથી ૧૫ ખૂબ સારી સ્થિતિમાં, ૪ સારી સ્થિતિમાં અને ૧ જર્જરિત સ્થિતિમાં છે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારનાં કુલ ૧૨૧ બ્રિજમાંથી ૮૦ ખૂબ સારી સ્થિતિમાં, ૧૫ સારી સ્થિતિમાં અને ૨૬ જર્જરિત સ્થિતિમાં છે, તેમજ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારનાં કુલ ૪૩ બ્રિજમાંથી ૧૧ ખૂબ સારી સ્થિતિમાં, ૩૦ સારી સ્થિતિમાં અને ૨ જર્જરિત સ્થિતિમાં, આણંદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારનાં કુલ ૫ બ્રિજમાંથી ૧ ખૂબ સારી સ્થિતિમાં અને ૪ બ્રિજ સારી સ્થિતિમાં છે.

વધુમાં, ગાંધીધામ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં એક પણ બ્રિજ આવેલા નથી તેમજ મહેસાણા મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારનાં એક પણ બ્રિજ જર્જરિત હાલતમાં નથી. તદુપરાંત મોરબી મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં કુલ ૪ બ્રિજ આવેલા છે, જે પૈકી બધા બ્રિજ સારી સ્થિતિમાં, નડિયાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં કુલ ૩ બ્રિજ આવેલા છે જે પૈકી ૨ ખૂબ સારી સ્થિતિમાં અને ૧ બ્રિજ સારી સ્થિતિમાં છે તથા નવસારી મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારનાં કુલ ૧૩ બ્રિજમાંથી ૮ ખૂબ સારી સ્થિતિમાં, ૩ સારી સ્થિતિમાં અને ૨ બ્રિજ જર્જરિત સ્થિતિમાં છે. તેવી જ રીતે પોરબંદર મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં એક પણ બ્રિજ આવેલા નથી તથા સુરેન્દ્રનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારનાં કુલ ૪ બ્રિજમાંથી ૨ ખૂબ સારી સ્થિતિમાં અને ૨ સારી સ્થિતિમાં તેમજ વાપી મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં ૧ બ્રિજ આવેલો છે, જે ખૂબ સારી સ્થિતિમાં છે, તેમ શહેરી વિકાસ વિભાગના સૂત્રોએ કહ્યું હતું.

## કોઈ પણ વ્યક્તિ વિડીયો કોન્ફરન્સથી હાજર થાય તો કોર્ટની આમાન્યા જળવાવી જોઈએ, તેની તકેદારી રાખવાની રહેશે

# ટોયલેટની સીટ પર બેસીને હાઈકોર્ટની સુનાવણીમાં જોડાવા બદલ કીમના સમદ શાહને 1 લાખનો દંડ

**સુરતના** કીમનો સમદ શાહે કરેલી ગુસ્તાખીની હાઈકોર્ટે સુઓમોટો નોંધ લીધી હતી

**સોશ્યલ** મીડિયામાં વાયરલ થયેલો આ વિડીયો ન્યાયતંત્રની છબીને નુકસાનકર્તા હોઈ તેને તાત્કાલિક અસરથી ડિલીટ કરવો જોઈએઃ હાઈકોર્ટ

### શું ઘટના બની હતી ?

સોશ્યલ મીડિયા પર વાયરલ થયેલી આ ઘટના 20 જૂને ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ નિર્ઝર એસ. દેસાઈની બેન્ચ સમક્ષ બની હતી. વિડીયોની શરૂઆતમાં 'સમદ બેટરી' તરીકે લોગ ઇન થયેલા અરજદારનો ક્લોઝઅપ દેખાય છે, જેના ગળામાં બ્લૂટૂથ ઇયરફોન લટકતો હતો.ત્યારબાદ તે પોતાનો ફોન થોડે દૂર રાખે છે, જેનાથી દેખાય છે કે તે શૌચાલયમાં બેઠો છે. વિડીયોમાં તે પોતાને સાફ કરતો અને પછી વોશરૂમમાંથી બહાર નીકળતો પણ દેખાય છે. ત્યારબાદ તે થોડા સમય માટે સ્ક્રીન પરથી ગાયબ થઈ જાય છે અને પછી એક રૂમમાં ફરીથી દેખાય છે.કોર્ટના રેકોર્ડ મુજબ, આ વ્યક્તિ FIR રદ કરવાની માંગણી કરતી રીટ અરજીમાં પ્રતિવાદી તરીકે હાજર હતો. તે ફોજદારી કેસમાં ફરિયાદી હતો. પક્ષકારો વચ્ચે સૌહાર્દપૂર્ણ સમાધાન થયા બાદ કોર્ટે FIR રદ કરી હતી.

### અગાઉ પણ હાઈકોર્ટમાં વિડિયો કોન્ફરન્સિંગ વખતે અરજદાર સિગારેટ પીતો દેખાતા તેને 50 હજારનો દંડ કરાયો હતો

ઓનલાઈન કોર્ટ કાર્યવાહી દરમિયાન અયોગ્ય વર્તનનો આ પહેલો કિસ્સો નથી. ગુજરાત હાઈકોર્ટે એપ્રિલમાં એક અરજદારને ₹50,000 નો દંડ ફટકાર્યો હતો. જે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા હાજર રહીને સિગારેટ પીતો જોવા મળ્યો હતો. તેવી જ રીતે, દિલ્હીની એક અદાલતે માર્ચમાં એક અરજદારને સમન્સ પાઠવ્યું હતું જે તેના કેસમાં વિડીયો કોન્ફરન્સ દ્વારા હાજર રહીને સિગારેટ પીતો જોવા મળ્યો હતો.

અમદાવાદઃ સુરતના કિમનો એક અરજદાર ગુજરાત હાઈકોર્ટની વર્ચ્યુઅલ સુનાવણીમાં શૌચાલયમાં બેસીને અને દેખીતી રીતે શૌચક્રિયા કરતો હોય તેવો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ કેસમાં હવે ગુજરાત હાઈકોર્ટની ડિવીઝન બેન્ચે સુરતના અરજદાર સામે અદાલતના તિરસ્કારની કાર્યવાહી હાથ ધરીને મહત્વના આદેશમાં સમદ અબ્દુલ રહેમાન શાહને 1 લાખનો દંડ ફટકાર્યો છે. ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ એસ એસ સુપેહિયા અને જસ્ટીસ આર ટી વાચ્છાણીની ડિવીઝન બેન્ચે જસ્ટિસ એ.એસ. સુપેહિયા અને જસ્ટિસ આર.ટી. વાછાણીની ડિવિઝન બેન્ચે આદેશમાં જણાવ્યું હતું કે સંબંધિત વ્યક્તિનું આચરણ અવમાનજનક હતું અને તેઓ તેને જેલમાં મોકલવા પર પણ વિચાર કરી રહ્યા છે. ડિવીઝન બેન્ચે આદેશ આપ્યો છે કે, 'અદાલતનું અવમાન કરનારે લાઈવ-સ્ટ્રીમિંગ કાર્યવાહી દરમિયાન પોતાના આચરણનો સ્વીકાર કર્યો છે. આમ, આ તબક્કે, અમે અવમાન કરનારને આગામી સુનાવણીની તારીખ પહેલાં ગુજરાત હાઈકોર્ટની રજિસ્ટ્રીમાં ₹1 લાખ જમા કરાવવાનો નિર્દેશ આપીએ છીએ.'

ડિવીઝન બેન્ચે એવું પણ નિરીક્ષણ કર્યું છે કે, ડિવીઝન બેન્ચના સુઓમોટો આદેશ છતાં ગુજરાત હાઈકોર્ટ રજિસ્ટ્રાર (માહિતી અને ટેકનોલોજી) એ જવાબી સોગંદનામુ રજુ કર્યું નથી અને આવી ઘટનાઓને કેવી રીતે રોકી શકાય તે અંગે કોઈ પગલાં સૂચવવામાં આવ્યા નથી. રજિસ્ટ્રાર વતી હાજર રહેલા ધારાશાસ્ત્રીએ ડિવીઝન બેન્ચને જણાવ્યું હતું કે તેઓ સુનાવણીની આગામી તારીખે કોર્ટ સમક્ષ વિગતો રજુ કરશે ડિવીઝન બેન્ચે આ સુઓમોટો કેસની વધુ સુનાવણી 22 જુલાઈના રોજ રાખી છે. જસ્ટીસ એએસ સુપેહિયા અને જસ્ટીસ આરટી વાચ્છાણીની બનેલી ડિવીઝન બેન્ચે મીડિયા રિપોર્ટસના આધારે સમગ્ર બાબતને સુઓમોટા કાર્યવાહી તરીકે હાથ પર લઈને મહત્વના આદેશમાં એવું સ્પષ્ટ નિરીક્ષણ કર્યુ હતું કે, સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલો આ વિડીયો ન્યાયતંત્રની છબીને નુકસાનકર્તા હોઈ તેને તાત્કાલિક અસરથી ડિલીટ કરવો જોઈએ. હવે કોઈ પણ વ્યક્તિ કોર્ટ સમક્ષ વિડીયો કોન્ફરન્સથી વર્ચ્યુઅલ હાજર થાય તો કોર્ટની આમાન્યા (માન-સન્માન) જળવાવી જોઈએ, તેની તકેદારી રાખવાની રહેશે. જો કોઈ પણ વ્યક્તિ લાઈવ સ્ટ્રીમિંગ વખતે ગેરશિસ્ત કરતો જોવા મળશે, તો તેને ત્વરીત કોર્ટ કાર્યવાહી છોડવાનું કહી દેવાશે. આવી સ્થિતિમાં લાઈવ સ્ટ્રીમિંગ અટકાવી દેવાનું રહેશે.

# સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગરમાં 24 કલાક માટે અતિ ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ

**ઉત્તર** રાજસ્થાન તરફ સરકી રહેલી લો પ્રેશર સિસ્ટમની અસર એક દિવસ રહેશે

ગાંધીનગરઃ લો પ્રેશર સિસ્ટમ રાજસ્થાનના બિકાનેર તરફ સરકી રહી છે, જેના પગલે ઉત્તર - પૂર્વ અને મધ્ય ગુજરાતમાં વરસાદની શક્યતા જોવાઈ રહી છે. ઉત્તર રાજસ્થાન તરફ સરકી રહેલી લો પ્રેશર સિસ્ટમની અસર હેઠળ આગામી 24 કલાકની અંદર સાબરકાંઠા, અરવલ્લી અને મહીસાગરમાં ભારેથી અતિ ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ હવામાન વિભાગ દ્વારા જારી કરાયુ છે. આજે સોમવારે દિવસ દરમ્યાન સાંજે છ વાગ્યા સુધીમાં રાજયમાં સરેરાશ 83 તાલુકાઓમાં વરસાદ થયો હતો. જ્યારે સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં સવા બે ઈંચ વરસાદ થયો હતો. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર(SEOC)ના સત્તાવાર સૂત્રોએ કહ્યું હતું કે રાજયમાં ખેડબ્રહ્મામાં સવા બે ઈંચ , નડિયાદમાં 1.50 ઈંચ , આંકલાવમાં 1.30 ઈંચ , જાંબુઘોડામાં 1.22 ઈંચ , છોટા ઉદેપુરમાં 1.02 ઈંચ , નસવાડીમાં 20 મીમી , જેતપુર પાવીમાં 16 મીમી ,વડાલીમાં 12 મીમી , ઘોઘંબામાં 12 મીમી દેવગઢબારિયામાં 11 મીમી જેટલો વરસાદ થયો છે. છેલ્લા 24 કલાકની અંદર રાજયમાં 28 જિલ્લાના 140 તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદ થયો છે. જેમાં મહેસાણાના સતલાસણામાં 4 ઈંચ , દાંતામાં 3.39 ઈંચ , બોટાદના બરવાળામાં 2.72 ઈંચ , ખંભાતમાં અઢી ઈંચ , આણંદમાં 1.97 ઈંચ , નડિયાદમાં 1.81 ઈંચ , ઈડરમાં 1.7 ઈંચ , ભાવનગરમાં 1.46 ઈંચ અને ધોળકામાં 1.42 ઈંચ વરસાદ થયો હતો. સરેરાશ 24 તાલુકાઓ એવા છે કે જયાં 1થી સાડા ત્રણ ઈંચ જેટલો વરસાદ થયો છે. આ સાથે રાજયમાં ચોમાસાની મોસમનો સરેરાશ 49.96 ટકા વરસાદ થયો છે.જેમાં જેમાં જેમાં કચ્છમાં 58.44 ટકા , ઉત્તર ગુજરાતમાં 45.92 ટકા , મધ્ય - પૂર્વ ગુજરાતમાં 48.03 ટકા , સૌરાષ્ટ્રમાં 49.19 ટકા , દક્ષિણ ગુજરાતમાં 53.63 ટકા વરસાદનો સમાવેશ થાય છે. સરદાર સરોવર નર્મદા ડેમમાં 51.26 ટકા જળ સંગ્રહ થયેલો છે. જયારે ડેમમાં પાણીની આવક 37200.13 ક્યૂસેક છે. જયારે પાણીની જાવક 1049.00 ક્યૂસેક છે. 26 જેટલા ડેમ 100 ટકા છલોછલ છલકાયેલા છે. જયારે 41 ડેમ હાઈ એલર્ટ પર મૂકવામાં આવ્યા છે.

# ઉત્તર પ્રદેશથી બોગસ લાયસન્સના આધારે હથિયાર મોકલનાર અને મેળવનાર ગેંગનો પર્દાફાશ, સાતની ધરપકડ

**ગુજરાતના** ઘણાં લોકોએ 2019 થી 2022માં એજન્ટ દેવકાંત પાંડે મારફત ઉત્તર પ્રદેશના એટા ખાતેથી ખોટા હથિયાર લાઇસન્સ બનાવી હથિયાર મેળવ્યા હતા

ગાંધીનગરઃ ઉત્તર પ્રદેશના એટા ખાતેથી બોગસ હથિયાર લાઈસન્સના આધારે હથિયાર મોકલનાર તથા આ હથિયારની ડિલિવરી મેળવનાર ગેંગનો ગુજરાત એટીએસ દ્વારા પર્દાફાશ કરીને સાત આરોપીની ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

ગુજરાત એટીએસના સૂત્રોના જણાવ્યા પ્રમાણે ગુજરાત એટીએસની ટીમ દ્વારા હાથ ધરાયેલી તપાસમાં એવી હકીકત બહાર આવી હતી કે મુકેશસિંહ હુકમસિંહ ચૌહાણ, અભિષેક રાજદેવ ત્રિવેદી, વેદપ્રકાશસિંહ રામબાબુ સિંહ, રાજેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ સાંખલા, અજય ભુરેસિંહ સેંગર, સોલેસિંહ રામબાબુસિંહ સિંગર અને વિજયસિંહ ભૂરેસિંહ સિંગરએ ઉત્તર પ્રદેશના એટા જિલ્લાના શ્યામસિંહ ઉર્ફે રાજુહુકમસિંહ ચૌહાણ તથા શ્યામસિંહ ઠાકોરની મદદથી દેવકાંત પાંડેને ઘણી મોટી રકમ આપીને બોગસ હથિયાર લાઈસન્સો પોતાના નામે બનાવ બનાવી હથિયારો ખરીદ્યા હતા. જ્યારે ગુજરાતના બીજા ઘણા માણસોને બોગસ હથિયાર લાઈસન્સ તથા હથિયારો અપાવડાવેલા છે.

આ હકીકત મળતા ગુજરાત એટીએસના પોલીસ ઈન્સ્પેક્ટર કે. બી. સોલંકી અને તેમની ટીમ દ્વારા તપાસ હાથ ધરતા ગુજરાતમાં ઘણા લોકોએ વર્ષ 2019 થી 2022ના ગાળામાં જુદી જુદી રીતે ઉત્તર પ્રદેશના એજન્ટ દેવકાંત પાંડે મારફત ઉત્તર પ્રદેશના એટા ખાતેથી ખોટા હથિયાર લાઈસન્સ બનાવી હથિયાર મેળવ્યા હતા.

જેમાં આ 7 શખ્સ પાસેથી ત્રણ રિવોલ્વર 187 રાઉન્ડ, 4 પિસ્તોલ તેના 98 રાઉન્ડ મળી કુલ 7 હથિયાર અને 285 રાઉન્ડ જપ્ત કરવામાં આવ્યા છે. આ તમામ આરોપીઓ વિરુદ્ધ કાયદેસર ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. અન્ય આરોપીઓની શોધખોળ ચાલી રહી છે.

# મોરે મોરોની રાજનીતિ કરનારા નેતાઓ પાણીમાં બેસી ગયા

100 ગાડીઓના કાફલા સાથે ગાંધીનગર પહોંચેલા મોરબીના ભાજપના ધારાસભ્ય રાજીનામું આપ્યા વિના પરત ફર્યા

**સમગ્ર** ડ્રામામાં ગોપાલ ઇટાલિયા સંપર્ક વિહોણા થઈ ગયા

ગાંધીનગરઃ ભાજપના મોરબીના ધારાસભ્ય કાન્તિ અમૃતિયા આજે 100 જેટલી ગાડીઓના કાફલા સાથે એક પડકારના ભાગરૂપે ગાંધીનગર આવી પહોંચ્યા હતા. વિસાવદરના આપના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાની ચેલેન્જ સ્વીકારીને આજે કાન્તિ અમૃતિયા રાજીનામું આપવા પોતાના સમર્થકો સાથે વિધાનસભા આવી પહોંચ્યા હતા. જો કે આપના ગોપાલ ઈટાલિયા રાજીનામું આપવા આવ્યા નહીં એટલે, કાન્તિ અમૃતિયા પોતાના સમર્થકો સાથે ઘરે પરત ગયા હતા. મોરબી અને વિસાવદરના ધારાસભ્ય દ્વારા જે છેલ્લા કેટલાંક દિવસોથી ચેલેન્જની રાજનીતિ કરવામાં આવી રહી છે.

# ધો.12 વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાના પરિણામની ગુણ ચકાસણી અરજી ઓનલાઇન કરી શકાશે

ગાંધીનગરઃ ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે. આ પરિણામમાં ઉમેદવારો ગુણ ચકાસણીની અરજી કરવા ઈચ્છતા હોય તો 21 જુલાઈ સાંજના 5 વાગ્યા સુધી ઓનલાઈન અરજી કરી શકશે. ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર થયા બાદ જે ઉમેદવારો ગુણ ચકાસણીની અરજી કરવા ઈચ્છતા હોય તેઓએ બોર્ડની વેબસાઈટ www.gdev.org અથવા sci.gseb.org પર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી નિયત ગુણ ચકાસણીની ફી સાથે અરજી કરી શકશે.

## સુડોકુ ૬૨૭૦ - 'શ્રુતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧ | | | | | ૮ | ૭ |
| ૩ | | ૪ | ૭ | | ૨ | ૯ | | ૬ |
| | ૭ | ૫ | ૩ | | | ૨ | ૪ | ૧ |
| ૮ | | | | | ૩ | ૧ | | ૪ |
| | | | | | | | | ૫ |
| ૪ | ૫ | ૭ | ૬ | | | ૮ | | ૩ |
| | | | ૯ | ૬ | | | | ૮ |
| ૧ | ૬ | ૮ | | | | | ૩ | ૯ |
| | | | | | ૮ | | ૬ | ૨ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### હૃદય - 5

મહેરબાની કરી જંક ફુડ તો ઠીક સ્ટ્રીટ ફુડ પણ બંધ કરો. નમકનો ઉપયોગ ઘટાડો. હળવી કસરત કરો. અઠવાડિયે એક વાર દિવેલ બે ચમચી સૂંઠના ઉકાળા સાથે લો. કબજિયાતના થાય તેનું ધ્યાન રાખવું.

## શબ્દગુંફન - ૭૦૧૩

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

૧) અગમબુદ્ધિવાળું (૪)
૩) બધે રખડ્યા કરનાર (૫)
૭) પાણી ભરવાનું એક પાત્ર (૨)
૯) યોગમનું વાતાવરણ (૫)
૧૨) સોનાનું, સોનેરી (૩)
૧૩) હાથ (૨)
૧૪) તંગી, અછત (૨)
૧૫) ઘોડો (૨)
૧૬) શહેર (૩)
૧૮) આદર, સન્માન (૨)
૨૦) એક રાશિ (૩)
૨૧) ન બોલવું તે (૨)
૨૨) શબ્દ, બોલ (૩)
૨૪) જોરથી વહેતો પ્રવાહ (૨)
૨૫) દુઃખ, પીડા (૩)
૨૭) કિરણ (૩)
૨૮) હંમેશ, કાયમ (૪)
૩૦) ચંચળ, અસ્થિર (૩)
૩૧) માછલું (૨)

**ઊભી ચાવી**

૧) દીકપ, દીવો (૩)
૨) કૃપા (૨)
૪) એક જળચર (૩)
૫) જંગલ (૨)
૬) પત્ની (૨)
૮) નફો, લાભ (૩)
૧૦) જંગલને લગતું (૨)
૧૧) પરાજય (૨)
૧૩) જરૂરી જ ખર્ચ કરવું (૫)
૧૪) છેડો, નિવેડો (૨)
૧૭) શોક, દુઃખ (૨)
૧૮) માનવીને યોગ્ય (૫)
૧૯) પુષ્કળ, ખૂબ હોવું તે (૪)
૨૩) બાગ, આનંદ (૩)
૨૫) શ્વાસ (૨)
૨૬) પીડવું, દબાવવું તે (૩)
૨૮) નિર્ણય, ઉકેલ (૨)
૨૯) કૃપા, રહેમ (૨)

## આજનું પંચાંગ

**તા. 15/07/2025, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2081 **શાકે :** 1947
**વીર સંવત :** 2551 **માસ :** અષાઢ
**તિથિઃ** વદ: પાંચમ 22.00
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** અષાઢ: 24
**યોગ :** સૌભાગ્ય **કરણ:** કૌવલ
**નક્ષત્ર :** શતભિષા 6.27 પછી પ.ભા.નો ક્ષય છે
**રાશિઃ** કુંભ (ગ.સ.શ.ષ.) 24.1 પછી મીન (દ.ચ.ઝ.થ.)
**દિવસ :** અશુભ
**સુરતમાં સૂર્યોદય :** 06:07 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:22
**નવકારસી :** 06:55
**પારસી વર્ષ :** 1394, સ્પેન્દારમદ માસનો 5મો રોજ
**મુસલમાન વર્ષ:** 1447, મોહરમ માસનો 19મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાત્રિનાં ચોઘડિયા :** 15:00 થી 16:30 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** ઇર્ષાળુ મિત્રોથી સાવધાન. પ્રેમમાં તાલમેળ ઓછો રહે. નવા રોકાણમાં ધીરજ રાખવી.

**વૃષભ (બ,વ,ઉ,):** નોકરીમાં ઘર્ષણથી કામનો બોજ વધે. નવા ફેરફાર અને ટેકનોલોજી પ્રમાણે કામ કરવું પડે.

**મિથુન (ક,છ,ઘ,):** કાયદા બાબતે સાવધાની રાખવી. કોઇની વાતોમાં આવીને વિચારો બદલવા નહીં.

**કર્ક (ડ,હ,):** સરકારી કામમાં વિલંબ થાય. ઉઘરાણીની ચિંતા વધે. આરોગ્ય નરમગરમ રહે. ખર્ચા વધે.

**સિંહ (મ,ટ,):** રોજની આવકમાં વધઘટનો અનુભવ થાય. નોકરીમાં અશાંતિ રહે. ઘરમાં તાલમેળ રાખવો.

**કન્યા (પ,ઠ,ણ,):** માતા સાથે વિવાદ થાય. વિજાતિય મિત્રો સાથે સાવધાની રાખવી. ખાવાપીવા પર કાબૂ રાખવો.

**તુલા (ર,ત,):** વિદ્યાર્થીઓની અશાંતિ વધે. શેરબજારમાં વિઘ્નો આવે. સંતાનોથી અશાંતિ થાય. મિત્રોનો સાથ મળે.

**વૃશ્ચિક (ન,ય,):** વારસા બાબતે વિવાદ વધે. વડીલોના આરોગ્યના ખર્ચા વધે. નોકરી માટે પ્રવાસ કરવો પડે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ઉચ્ચ કક્ષાના લોકોનો સાથ મળે. આત્મવિશ્વાસ વધે. પરિવારની સમસ્યા સતાવે. વિવાદ ટાળવો.

**મકર (ખ,જ,):** આર્થિક ભીંસ વધે. આવક માટે નવી યોજનામાં વિલંબ થાય. સંતાનોના કામની ચિંતા સતાવે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** રોમેન્ટીક મુલાકાત થાય. સમાજમાં સાવધાની રાખવી. દાંપત્યજીવનમાં અશાંતિ વધશે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ગુપ્ત ભય સતાવે. કોઇ કાવતરાના ભોગ બનવાનું થાય. સાવધાની રાખવી. મૌન રહેવું.

### કોઇ પણ સાલમાં 15 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. ચડતીપડતી સાથે નોકરી ધંધામાં નવી તક અને નવી જવાબદારીઓ આવે. હરીફોની હેરાનગતિ સતાવે. આર્થિક રીતે સામાન્ય રહે. નવી ટેકનોલોજીનો લાભ મળે. સમાજમાં સામાન્ય રહે. ઉંમરલાયકના વિવાહ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. વિદ્યાર્થીઓની મહેનત વધશે. વિદેશનાં કામ ધીમાં પડે. યાત્રાપ્રવાસમાં વિઘ્નો આવે. સંતાનોના અભ્યાસ, કેરિયરમાં પ્રગતિ થાય. નવા ઘર, વાહન, મકાન બાબતે વર્ષના મધ્યમાં પ્રગતિ થાય. આરોગ્ય અને ઉઘરાણીની ચિંતા રહે. વારસા, જાયદાદ, જમીનનાં કામ ધીમાં પડશે. વડીલો, મિત્રો સમાજ અને કાયદાકીય બાબતે મદદરૂપ થાય. ધર્મકર્મથી શાંતિ મળે. એપ્રિલ-મે તથા સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં આવક વધે. જુલાઇ ઓગસ્ટમાં ખર્ચા વધશે. આરોગ્ય નરમગરમ રહે.

# સરદાર સરોવર પુનઃ વસવાટ એજન્સી હસ્તકની વસાહતોને મૂળ ગામ સાથે ભેળવવાના નિયમોને આખરી ઓપ અપાયો

**રાજ્યના** ૮ જિલ્લાના ૨૬ તાલુકાની ૧૨૭ નર્મદા વસાહતોને લાભ મળશે

**વસાહતોમાં** પીવાના પાણી-રોડ રસ્તા-સ્ટ્રીટ લાઈટ-વીજળી બીલ અને વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા તથા

**વસાહતોની** જાહેર સુવિધાઓની મરામત અને નિભાવણી સંબંધિત ગ્રામ પંચાયતો કરશે

ગાંધીનગરઃ રાજ્ય સરકારે સરદાર સરોવર પુનઃ વસવાટ એજન્સી હસ્તકની વસાહતોને મૂળ ગામ સાથે ભેળવવા, હસ્તાંતરણ કરવા માટેના નિયમોને આખરી ઓપ આપ્યો છે. સીએમ ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં નર્મદા વસાહતોને ગ્રામ પંચાયતો સાથે ભેળવવાની કાર્ય પદ્ધતિને મંજૂરી આપી છે. તદઅનુસાર, અમદાવાદ ગ્રામ્ય, વડોદરા, ભરૂચ, ખેડા, પંચમહાલ, નર્મદા અને છોટાઉદેપુર તથા મહિસાગર જિલ્લાના મળીને કુલ ૨૬ તાલુકાની ૧૨૭ જેટલી નર્મદા વસાહતોનો નજીકના સંબંધિત ગામ સાથે ભળવાનો માર્ગ મોકળો થયો છે.

મુખ્યમંત્રી સમક્ષ રાજ્ય સરકારના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગે રજૂ કરેલી આ કાર્ય પદ્ધતિમાં સુનિશ્ચિત કરવામાં આવ્યું છે કે, આવી વસાહતોમાં રહેતા સ્થાનિક લોકોને મળતી સુવિધાઓ, પીવાના પાણીના સ્ત્રોત, વસાહતને મુખ્ય માર્ગ સાથે જોડતો એપ્રોચ રોડ અને આંતરીક રસ્તાઓ, સ્ટ્રીટ લાઈટની સુવિધાઓ, વરસાદી પાણીના નિકાલ માટેની સુવિધાઓ કાર્યરત રાખવા અને તેની સમયાંતરે મરામત તથા નિભાવણી અંગેની કામગીરી સંબંધિત ગ્રામ પંચાયત દ્વારા કરવાની રહેશે. હસ્તાંતરણની આ કાર્ય પદ્ધતિ રાજ્ય સરકાર દ્વારા નિયત થવાથી હવે આશરે આગામી બે મહિનામાં આ કામગીરી પુર્ણ કરાશે. એટલું જ નહિ, આ હસ્તાંતરણ પ્રક્રિયાથી બધા જ નિવાસી-વસાહતી કુટુંબોને ગ્રામ પંચાયત દ્વારા અપાતી સરકારની સર્વે યોજનાઓનો નિયમોનુસાર સરળતાથી લાભ મળી શકશે અને વસાહતીઓ હવે ગ્રામ પંચાયતના સક્રિય નાગરિક બનતા તેમના જીવનધોરણમાં ઘણો સુધારો આવશે અને તેઓ આવશ્યક સુવિધાઓ સરળતાથી મેળવી શકશે. અન્ય જે બાબતો આવી નર્મદા વસાહતોને નજીકની ગ્રામ પંચાયત સાથે ભેળવવા માટે સુનિશ્ચિત કરી છે તેમાં એવું નક્કી કરવામાં આવ્યું છે કે, વસાહતોના વણ ફાળવાયેલા પ્લોટની માલિકી સરદાર સરોવર પુનઃ વસવાટ એજન્સીની જ રહેશે.

નર્મદા વસાહતોને સ્પર્શતું તમામ રેકોર્ડ એજન્સીએ ગ્રામ પંચાયતને સોંપી દેવાનું રહેશે તેમજ વસાહતના તમામ રહેવાસીઓના મતાધિકાર અને પ્રતિનિધિત્વને લગતી બધી બાબતો સરકારની પ્રવર્તમાન જોગવાઈ અનુસાર ગ્રામ પંચાયતે સુનિશ્ચિત કરવાની તથા નર્મદા વસાહતોમાં આવેલા શાળા, દવાખાના, આંગણવાડી જેવી સુવિધાઓ સંબંધિત વિભાગને સરદાર સરોવર પુનઃ વસવાટ એજન્સીએ હસ્તાંતરણ કરવાની રહેશે. વસાહતોમાં આવેલા કોમન પ્લોટ અને ખુલ્લી જગ્યાઓના વિસ્તારને વસાહતીઓની સાર્વજનિક સુવિધાઓના વિકાસ માટે સંબંધિત ગ્રામ પંચાયત ઉપયોગમાં લઈ શકશે.

નર્મદા વસાહતો હેઠળની મિલકતોની આકારણી કરીને ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ અને તે અન્વયેના નિયમોથી નિયત કરવામાં આવેલા કર અને વેરાની વસુલાત જે તે ગ્રામ પંચાયત કરશે. આ ઉપરાંત હસ્તાંતરણની પ્રક્રિયા થઈ ગયા બાદ વસાહત સંબંધિત કોઈ પણ નાગરિક સુવિધા અંગેની ફરિયાદોના નિવારણ માટે જે તે ગ્રામ પંચાયત જવાબદાર રહેશે. રાજ્ય સરકારે એવું પણ ઠરાવ્યું છે કે, આ નિયમો સરદાર સરોવર પુનઃ વસવાટ એજન્સી હસ્તકની બાકી રહેલી નર્મદા વસાહતોને ભવિષ્યમાં નજીકની સંબંધિત ગ્રામ પંચાયતોમાં સમાવેશ કરવામાં આવે ત્યારે પણ યથાવત લાગુ કરવામાં આવશે.

## સાબરકાંઠા-અરવલ્લીના પશુપાલકોનો દૂધના ભાવ મુદ્દે વિરોધ, હિંમતનગર તલોદ હાઇવે પર ચક્કાજામ

ગાંધીનગરઃ સાબરકાંઠાની સાબર ડેરીના પશુપાલકોએ દૂધના ભાવ મુદ્દે આજે હિંમતનગરમાં વિરોધ પ્રદર્શન કરી ચક્કાજામ કર્યો હતો. હજારોની સંખ્યામાં પશુપાલકો સાબર ડેરી સામે પહોંચ્યા હતા, અને વિરોધ પ્રદર્શન કર્યો હતો. જો કે પોલીસે પ્રદર્શન કરી રહેલા પશુપાલકો ઉપર પહેલા 50 થી વધુ ટીયર ગેસના સેલ છોડ્યા હતા. જેમાં 10 લોકોને ઈજાઓ થઈ હતી. આ બનાવ અંગે મળતી માહિતી મુજબ સાબર ડેરીમાં દૂધના ભાવ ફેરમાં ઓછી ચૂકવણી કરવામાં આવતી હોવાને લઈ પશુપાલકોએ વિરોધ પ્રદર્શન કર્યો હતો. સાબરડેરી સામે મોટી સંખ્યામાં એકત્ર થયેલા પશુપાલકો પોતાની રજૂઆત માટે ડેરીમાં જઈ રહ્યા હતા, પરંતુ પોલીસે તેઓને અટકાવતા મામલો બિચક્યો હતો, ત્યારબાદ પશુપાલકો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. પરિસ્થિતિ તંગ બને તેવું પોલીસને જણાતા મોટી સંખ્યામાં પોલીસ કાફલો ખડકી દેવામાં આવ્યો હતો. પશુપાલકોની સાથે ખેડૂતો પણ વિરોધમાં જોડાયા હતા. ભારે સુત્રોચાર સાથે વિરોધ કરતા પશુપાલકો આકરા પાણી થતાં પરિસ્થિતિ વણસતા પોલીસે સ્થિતિને કાબુમાં લેવા 50 થી વધુ ટીયરગેસના સેલ છોડ્યા હતા. પશુપાલકોએ હિંમતનગર તલોદ ધોરીમાર્ગ ઉપર વિરોધ પ્રદર્શન કરી ચક્કાજામ કર્યો હતો, જેને કારણે ટ્રાફિકજામમાં દ્રશ્યો પણ સર્જાયા હતા.

# નવરાત્રિ રાસ-ગરબા સ્પર્ધા માટે ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૨૮મી જુલાઈ

અમદાવાદઃ ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર તથા કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ગાંધીનગર દ્વારા જિલ્લા કક્ષા નવરાત્રિ રાસ-ગરબા સ્પર્ધા- ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી અમદાવાદ દ્વારા સંચાલિત જિલ્લા કક્ષા નવરાત્રિ રાસ-ગરબા સ્પર્ધા- ૨૦૨૫- ૨૬ માટે ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૨૮ જુલાઈ ૨૦૨૫ રાખવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રાચીન ગરબા તથા અર્વાચીન ગરબા સ્પર્ધામાં ૧૪થી ૩૫ વર્ષના બહેનો ભાગ લઈ શકશે. જ્યારે રાસની સ્પર્ધામાં ભાગ લેનાર બહેનો તથા ભાઈઓની વય મર્યાદા ૧૪ થી ૪૦ વર્ષ સુધીની રહેશે. પ્રાચીન, અર્વાચીન ગરબા તેમજ રાસની રજૂઆતનો સમય ૦૬ થી ૧૦ મિનિટનો રહેશે.